For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

કુંભારવાડા પોલીસ મથકથી સંગમ સુધી રોડ સાઇડના ગેરકાયદેસર દબાણોનો સફાયો : દબાણકર્તા અને અધિકારી વચ્ચે શાબ્દિક ઘર્ષણ

બંદોબસ્ત પહેલા પાલિકા દબાણો દૂર કરવા પહોંચ્યું!

સંકલનના અભાવે કલાક રાહ જોયા બાદ બંદોબસ્ત ફાળવાતા કાર્યવાહી શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

વડોદરાના નાગરવાડા વિસ્તારમાં આવેલી મેહતા વાડીમાં રહેતા ભાજપના પૂર્વ કોર્પોરેટર રમેશ પરમાર રાજાના પુત્રની ચાકુના ઘા ઝીંકી હત્યા કરવામાં આવ્યા બાદ લોકોમાં ભારે રોષની લાગણી વ્યાપી જવા પામી છે. આ ઘટના બાદ પોલીસ દ્વારા પ્રથમ નાગરવાડા, મચ્છીપીઠ અને તાંદલજામાં મંગળવારે દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરી હતી. આ કામગીરી બુધવારે પણ યથાવત રહી છે. ફતેપુરા મંગલેશ્વર રોડ સાઈડના દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથધરી હતી. આ દરમિયાન દબાણ કર્તા અને દબાણ શાખાની ટીમ વચ્ચે શાબ્દિક ઘર્ષણ પણ થયું હતું.

વડોદરા મહાનગર પાલિકાની દબાણ શાખાને સવારે પોલીસ બંદોબસ્ત મળે તે પહેલા દબાણો દૂર કરવા પહોંચી હતી. જો કે બાદમાં પાલિકાના ઉપરી અધિકારી દ્વારા સૂચના આપવામાં આવતા અરજી આપવામાં આવી હતી. તે બાદ તાત્કાલિક બંદોબસ્તની ફાળવણી કરવામાં આવતા દબાણો દુર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. બુધવારે સવારે કુંભારવાડા પોલીસ મથકમાં આવતા ફતેપુરા વિસ્તારમાં રોડ સાઇડના ગેરકાયદેસર દબાણો દુર કરવા માટે પાલિકાની ટીમો પહોંચી હતી. પોલીસ બંદોબસ્ત મળતા પહેલા જ પાલિકાના અધિકારીઓ, ડમ્પર, જેસીબી સહિતની ટીમ પહોંચતા બંદોબસ્ત મળવાની રાહ જોવી પડી હતી. બાદમાં પાલિકાના ઉપરી અધિકારીના સુચન અનુસાર, સ્થાનિક પોલીસ મથકમાં અરજી આપવામાં આવી હતી. જે બાદ તુરંત પોલીસ બંદોબસ્ત ફાળવવામાં આવતી ગેરકાયદેસર દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સ્થાનિક સુત્રોના જણાવ્યા પ્રમાણે, ફતેપુરા રોડ પર દબાણશાખાની ટીમો વહેલી આવી પહોંચી હતી. કલાક એક વાટ જોયા બાદ બંદોબસ્ત ફાળવવામાં આવ્યો હતો. તે દરમિયાન દબાણ શાખાની ટીમો અંગેની વાત વિસ્તારમાં વાયુવેગે પ્રસરી જતા કેટલીક જગ્યાએ લોકોએ જાતે જ દબાણો દુર કરવાની કામગીરી કરી હતી. તો કેટલાક કિસ્સામાં માલિકો લારી-ગલ્લા સલામત સ્થળે ખસેડવામાં સફળ રહ્યા હતા. જો કે, બંદોબસ્ત મળતા જ ગેરકાયદેસર, શેડ, ઓટલા, લારી-ગલ્લાના,શેડના ઓટલાના દબાણો એક પછી એક દુર કરવામાં આવ્યા હતા.

વડોદરા મહાનગર પાલિકા દ્વારા નાગરવાડા અને મચ્છીપીઠ ખાતે દબાણોનો સફાયો કરવામાં ગયા હતા દરમિયાન સ્થાનિક દબાણકર્તાઓએ સાથે અધિકારીઓની ચકમક ઝરી હતી. (તસવીર : રણજીત સૂર્વે)

આરોપીઓએ ચાકુ ક્યાં ફેંક્યું તે પણ ન જણાવ્યું

રિમાન્ડ દરમિયાન પણ હત્યારો બાબરખાન પોલીસને ગાંઠતો નથી

વધુ આરોપી ઝડપાતા ધરપકડનો આંક 9 પર પહોંચ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.20

તપન હત્યા કેસમાં બાબરખાન પઠાણ રિમાન્ડ મેળવી પુછપરછ કરવામાં આવી રહી છે. પરંતુ આરોપી પોલીસને જાણે ગાંઠતો નથી સહકાર આપતો નથી, તેણે ગુનામાં ઉપયોગમાં લીધેલું હથિયાર ક્યાં ફેંક્યું છે તેની હકિકત પણ જણાવતો નથી.

વડોદરા શહેરના નાગરવાડા વિસ્તારમાં જુગાર રમવા મુદ્દે થયેલી તકરારમાં રીઢા આરોપી બાબર હબીબખાન પઠાણ સહિતના સાગરીતો દ્વારા પૂર્વ કોર્પોરેટર રમેશ રાજાનો પુત્ર તપન પરમારને એસએસજી હોસ્પિટલના સંકુલમા પોલીસની હાજરીમાં માર માર્યા બાદ ચાકુના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો. ઘટના બન્યા બાદ કેટલાક આરોપીઓ ફરાર થઇ ગયા હતા. જેથી પોલીસે બાબરખાન પઠાણ સહિત બાબર હબીબખાન પઠાણ, સકીલહુસેન અહેમદ શેખ, એજાજહુસેન અહેમદ શેખ, શબનમ વસીમ નુરમહમદ મનસુરીની ધરપકડ કરી લેવામાં આવી હતી જ્યારે મુખ્ય સુત્રધાર આરોપી મહેબુબ પઠાણ તથા સલમાન પઠાણને આજવા ચોકડી પાસેથી એસઓજીએ ઝડપી પાડ્યા હતા. ત્યારબાદ પણ હજુ આરોપીઓ નાસતા ફરતા હોય ટીમ દ્વારા શોધખોળ કરાઇ રહી હતી. દરમિયાન ક્રાઇમ બ્રાન્ચની બાતમી મળી હતી કે આ હત્યાના ગુનામાં સંડોવાયેલા બે આરોપી સાબીર ઉર્ફે લાખા હાલમાં નેશનલ હાઇવે દુમાડ ચોકડી બ્રિજ ખાતે આવ્યા છે. જેના આધારે ક્રાઇમ બ્રાન્ચની ટીમે ત્યાં પહોંચીને સાબીર ઉર્ફે લાખા રજ્જાક દુધવાલા (રહે. નાગરવાડા) તથા નવાપુરાથી અમજદખાન હબીબખાન પઠાણ (રહે. નાગરવાડા)ને ઝડપી પાડ્યા હતા. ત્યારે પૂર્વ કોર્પોરેટરના હત્યાકાંડમાં પોલીસ દ્વારા અત્યાર સુધીમાં 9 આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે.

જો પોલીસે જુગાર વહેલીતકે બંધ કરાવ્યો હોત તો યુવકનો ભોગ ના લેવાયો હોત

સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ નાગવાડા વિસ્તારમાં મસમોટો જુગાર ચાલતો હતો. જે કારેલીબાગ પોલીસ દ્વારા ચાલુ રાખવા માટે પરમિશન આપી છે.ત્યાંર આ જુગારના સંચાલક પાસેથી મંજુરી બાબરખાન પઠાણ પણ જુગારધામ ચલાવતો હતો. પોલીસ ત્યાંથી પસાર થયા તો પણ ત્યાં રેડ નહી કરતી ન હતી. જેના કારણે હત્યાની ઘટના બનતા પહેલા જો પોલીસ દ્વારા જુગારધામ બંધ કરાવ્યો હોત તો ઝઘડો થાત નહી અને પૂર્વ કોર્પોરેટરના પુત્રનો પણ ભોગ નહી લેવાત તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.

પોલીસ વિભાગમાં દીવા તળે અંધારું જેવો ઘાટ ક્યાંથી ક્રાઈમ રેટ ઘટશે?

પોલીસની પીસીઆર પોલીસ વાન જ મટન, ચિકન બિરયા, સેવ ઉસળ, ચા, સિગારેટ, શાકભાજીની લારીઓ, હાટડીઓ કે રેસ્ટોરન્ટમાં જઈ ભોજન લઈ આવતી હોય તો પછી ત્યાં અને તેની આજુબાજુ ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિને સ્થાનિક પોલીસવાળાઓ કેવી રીતે રોકી શકે ? આ તમામ બાબતો પર શહેર પોલીસ તંત્રના ઉચ્ચ અધિકારીઓ માહિતગાર હોવા છતાં નજર અંદાજ કરી રહ્યા છે. વડોદરા શહેરની પરિસ્થિતિ સુધારવી હોય અને ક્રાઇમ રેટ ઘટાડવો હોય તો ખુદ રાજ્યના ગૃહ મંત્રી અને વડોદરાના પ્રભારી મંત્રી હર્ષ સંઘવીએ પોતે મોરચો સંભાળવો પડશે અને નિયમિત વડોદરા આવવા સાથે અહીં ધમધમતી બદીઓને કોઈપણ ભોગે તાત્કાલિક અસરથી રોકી સ્થાનિક કક્ષાએ મજબૂત અને ધાક ધરાવતા પોલીસ અધિકારીઓની નિમણૂક કરવા સાથે તેમને રાજકીય દબાણ વિના ફ્રી હેન્ડથી કામ કરવા દેવા પડશે.

બાબરખાન બે ભાઇ સહિત 3 આરોપીને એક દિવસના રિમાન્ડ

એસએસજી હોસ્પિટલના સંકુલમાં ખેલાયેલા પૂર્વ કોર્પોરેટરના પુત્રના મર્ડર કેસમાં વિવિધ ટીમો ફરાર આરોપીઓની શોધખોળ કરી હતી. જેમાં એસઓજીએ મુખ્ય સુત્રધારના ભાઇ બે મહેબુબખાન પઠાણ તથા સલમાનખાન પઠાણને આજવા ચોકડી પાસેથી દબોચી રાવપુરા પોલીસને સોંપ્યા હતા. જેથી પોલીસ દ્વારા બંને બંધુઓ તથા અન્ય વસીમ મન્સુરીને આજે 20 નવેમ્બરે સવારે કોર્ટમાં રજૂ કરીને 10 દિવસના રિમાન્ડની માગણી કરી હતી. ત્યારે કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

સાંજે નાગરવાડાના દબાણો દૂર કરાયા, દબાણ શાખાની ટીમ અને વેપારીઓ વચ્ચે બોલાચાલી

વડોદરના નાગરવાડામાં રહેતા ભાજપના પૂર્વ કોર્પોરેટરના પુત્રની અસામાજીક તત્વો બાબર પઠાણ દ્વારા સયાજી હોસ્પિટલમાં હત્યા કરવામાં આવી હતી. હત્યાની ઘટના બાદ વડોદરા મહાનગર પાલિકા તંત્ર સફાળુ જાગ્યું છે. પાલિકા તંત્ર દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી દબાણો હટાવવાની કામગીરી બંધ કરાઇ હતી. જોકે હવે ફરીથી શરૂ કરાઇ છે. બે દિવસથી શહેરમાં દબાણો દૂર કરાઇ રહ્યા છે. સવારે પાલિકા દ્વારા ફતેપુરાથી સંગમ ચાર રસ્તા સુધીના વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મુખ્ય માર્ગોના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ગઈકાલથી ગેરકાયદે દબાણો હટાવવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જ્યારે બપોર બાદ દબાણ ટીમ પોલીસ બંદોબસ્ત સાથે વિસ્તારમાં ગેરકાયદેસર દબાણોને તોડવા જેસીબી અને અન્ય સાધનો સાથે ટીમ પહોંચી હતી. ક્યા નાગરવાડા વિસ્તારમાં વર્ષો જૂની એક લોખંડની કેબીન હટાવવામાં તાલીકાની દબાણ શાખા ની ટીમમાં ભારે મહેનત કરવી પડી હતી. નાગાણા વિસ્તારમાં જ્યારે દબાણ શાખાની ટીમ jcb લઈ પોલીસ બંદોબસ્ત સાથે પહોંચી ત્યારે વિસ્તારના લોક ટોળા ઉમટ્યા હતા. પરંતુ પોલીસ બંદોબસ્ત સાથે હોય કોઈ પ્રકારની અરબજત પાલિકા તંત્રની ટીમ અને સ્થાનિકો વચ્ચે થઈ ન હતી. હવે જોવાનું એ રહેશે કેટલા સમય સુધી પાલિકાની દબાણ શાખા દ્વારા દબાણો દૂર કરવાની કાર્યવાહી ચાલુ રહેશે.

પોલીસ મહેરબાન તો બુટલેગરો, અસામાજિક તત્વો પહેલવાન

માત્ર કેબિનોમાં બેસવા કરતા વિસ્તારમાં ફરો તો પોલીસને જોઇને કોઇ પણ વ્યકિત ગુનો આચરતા પહેલા સો વાર વિચાર કરે !

પોલીસની નિષ્ક્રિયતા તથા હપ્તાની લાલચના કારણે ગુનાઇત ભુતકાળ ધરાવતા શખ્સોને ડર રહ્યો નથી

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેર પોલીસને નિષ્ક્રીયતાના કારણે આરોપીઓને પોલીસને ડર રહેતો નથી. બીજા તરફ માત્ર એસી કેબિનો બેસીને હપ્તા ઉઘરાવવા કરતા સાહેબ વિસ્તારમાં પેટ્રોલિંગ હાજર રહો તો ગેરકાયદે ધંધો કરતા અસામાજિક તત્વો પર પોલીસને ધોંસ રહે. ઉપરાંત પોલીસને ફરતી જોઇને કોઇ પણ આ વ્યક્તિ ગુનો આરચતા પહેલા સોવાર વિચાર કરે. ત્યારે પોલીસ મહેરબાન બુટેલગરો, અસામાજિક તત્વો પહેલવાનનું પંક્તિ સાર્થખ થઇ રહી છે.

ક્રાઇમ રેટ ઘટાડવા પાછળ પોલીસનો સિહ ફાળો માનવામાં આવે છે. પરંતુ વડોદરા શહેરમાં દિન પ્રતિદિન ક્રાઇમના ગુનામાં વધારો થતો જાય છે. પોલીસની જાણે આરોપીઓ પર ધોંસ બેસાડવામાં સતત નિષ્ફળ સાહિત થઇ રહી છે પરિણામ માથાભારે શખ્સો તથા ગુનાઇત ભૂતકાળ ધરાવતા આરોપીઓને ગુનો આચરતા જાણે પોલીસ અધિકારીઓને ડર રહેતો હતો અને ગંભીર ગુના પણ બિન્દાસ્ત રીતે કરતા હોય છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ચોરીની ઘટનાઓમાં બંધ થવાનું નામ લેતી નથી તસ્કરો વિવિધ વિસ્તારમાં બંધ મકાને તુરંત ટાર્ગેડ કરી પોલીસ પેટ્રોલિંગના લીરેલીરા ઉડાવતા હોય છે. પરંતુ પોલીસને જાણે પોતાની આબરૂની કાઇ પડી ન હોય તેમ નાઇટ પેટ્રોલિંગમાં વેઠ ઉતારી રહી છે. રાત્રીના સમયે પેટ્રોલિંગમાં નીકળતી પોલીસ વાનો માત્ર વિસ્તારમાં આટો મારીને જતી હોય છે. જેના કારણે તસ્કરોને મોકળુ મેદાન મળી જાય છે. આતો થઇ ચોરીની વાત પરંત સંસ્કારી નગરી વડોદરામાં સગીરા તથા યુવતીઓ દુષ્કર્મના ગુનામાં સમયાંતરે પોલીસ ચોપડે નોંધાતા હોય છે. બીજી શહેર નજીક ભાયલી વિસ્તારમાં અતિગંભીર ગણાતી સગીરા ગેંગરેપની ઘટના બાદ આજવા રોડ પર ઉદ્યોગ પતિના ઘરમાં લૂંટ કરી લુંટારુઓ ફરાર થઇ ગયા હતા. ત્યારબાદ હવે ભાજપના પૂર્વ કોર્પોરેટરની પુત્રની લઘુમતિ કોમના માથાભારે અને રીઢા આરોપી દ્વારા ચાકુના ઉપરાછાપરી ઘા મારીને કરપીણ હત્યા કરી દેવામાં આવી છે. આ હત્યાની ઘટના એસએસજી હોસ્પિટલમાં સંકુલમાં પોલીસની હાજરીમાં થઇ હતી. પોલીસ આરોપીઓને પકડવામાં તો માહેર છે પરંતુ ક્રાઇમ કરવાથી પોલીસ કડક સજા કરશે તેવો કોઇ ડર આરોપીઓમાં જોવા મળી રહ્યો છે. પોલીસને જાણે ઘટના બનવાની રાહો જઇને બેઠી હોય તેમ ઘટના બન્યા બાદ પુરજોશમાં એકશનમાં આવી આરોપીઓને પડે છે. પણ સાહેબ એસી કેબિનોમાં બેસવા તથા હપ્તા ઉઘરાવવામાં નવરાશ મેળવી શહેરમાં ચાલતા ગેરકાયદે ધંધા પર કાર્યવાહી કરો તો તેમનામાં પોલીસને ડર રહે. શહેરમાં ફરતી પોલીસને જોઇને કોઇમ વ્યકિત ગુનો કરતા સોવાર વિચાર કરે.

પૂર્વ કોર્પોરેટરના પુત્રની હત્યાના બનાવ બાદ પોલીસ એક્શનમાં આવી

નાગરવાડામાં પોલીસનું કોમ્બિંગ, ગેરકાયદે રખાયેલા હથિયારો કબજે કરાયા

12-હીસ્ટ્રીશીટર અને ધાબાઓ પર પણ પોલીસ દ્વારા ચેકિંગ કરાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.20

જુની અદાવતે પૂર્વક કોર્પોરેટરના પુત્રને માથાભારે શખ્સ સહિતના સાગરિતોએ ચાકુના ઘા મારીને મોતને ઘાટ ઉતાર્યો હતો. ઉપરાંત અન્ય યુવકો પર પણ ચાકુના ઘા મારી હત્યાનો પ્રયાસ કરાયો હતો. ત્યારે આ લોકો પાસેથી હથિયાર આવ્યા ક્યાંથી તેના માટે પોલીસ એકશનમાં આવી હતી નાગરવડા વિસ્તારમાં પોલીસ કાફલાએ કોમ્બિંગ કર્યું હતું. જેમાં કેટલાક લોકોએ ગેરકાયેદ રાખેલી ધારદાર હથિયારો મળી આવતા કબજે કરાયા હતા. દરમિયાન 12 હીસ્ટ્રીશીટર, 2 ફરાર આરોપી, 2 જુગાર, ,9 બુટલેગરો ,9 એમસીઆર, 1તડીપાર, 8 ધાબાઓ પર તથા જીપીએક્ટ કલમ

135 ના 6 કેસોની તપાસ કરાઇ હતી.

કારેલીબાગ પોલીસ સ્ટેશનના નાગરવાડા વિસ્તારમાં લઘુમતી કોમના માથાભારે શખ્સો દ્વારા હુમલો કર્યા બાદ પૂર્વક કોર્પોરેટરના પુત્રની કરપીણ હત્યા કરાઈ હતી. જેને લઈને પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર દ્વારા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે માટે તકેદારી રાખવા સાથે કાર્યવાહી કરવા સૂચના અપાઈ હતી. જેના આધારે 19 નવેમ્બરે ડીસીપી ઝોન-4 પન્ના મોમાયા, ડીસીપી ક્રાઇમ ક્રાઇમ યુવરાજસિંહ જાડેજા, એસીપી જી.બી.બાંભણીયા તથા એચ.એ.રાઠોડ, પીઆઈ ડી.વી.બલદાણીયા તેમજ ક્રાઇમ બ્રાંચ તથા એસઓજી તેમજ અલગ-અલગ પોલીસ અધિકારીઓ સાથેની 12 ટીમો બનાવી દ્વારા જનરલ કોમ્બિંગ હાથ ધરાયુ હતું. સંવેદનશીલ વિસ્તારમાં ધાબાઓ પર ચેકિંગ હાથ ધરાયુ હતું. ઉપરાંત દરમિયાન 12-હીસ્ટ્રીશીટર, 2-ફરાર ફરતા, 2 જુગાર ,9 બુટલેગરો, 9 એમસીઆર, 1તડીપાર, 8 ધાબાઓ પર તથા જીપીએક્ટ કલમ 135 ના 6 કેસોની તપાસ કરાઈ હતી. કોમ્બિંગ દરમિયાન કેટલાક લોકો પાસેથી ધારદાર અને તિક્ષણ હથિયારો મળતા તેમના વિરુદ્ધ પોલીસ કમિશનરના હથિયારબંધી જાહેરનામાનો ભંગનો ગુનો નોંધવામાં આવ્યો છે.

કોન્ટ્રાક્ટર અને પાલિકાના સ્માર્ટ અધિકારીઓની મિલીભગતની પોલ ઉઘાડી પડી

નવાયાર્ડ રોડ સેન્ટ જોસેફ સ્કૂલ પાસે ભૂવામાં સિમેન્ટ ભરેલી ટ્રક ફસાઇ

ભુવાએ અકસ્માતને આમંત્રણ આપ્યું હોઇ જાનહાનિ થવાની સેવાઇ રહેલી ભીતિ

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

વડોદરા શહેરમાં ફરી એક વખત ભુવા આકાર પામવાનો સિલસિલો શરૂ થયો છે. નવાયાર્ડ રોડ ઉપર આવેલ સેન્ટ જોસેફ સ્કૂલ પાસેના સંતોક ચેમ્બર બહાર ભુવામાં સિમેન્ટ ભરેલી ટ્રકના પાછળના ટાયર ખૂંપી ગયા હતા. હાલ, આ ભુવાએ અકસ્માતને આમંત્રણ આપ્યું હોઈ જાનહાનિ થવાની ભીતિ સેવાઈ છે.

ભુવા નગરી તરીકે ઓળખાતી વડોદરા નગરીમાં વધુ એક ભુવાએ આકાર લીધો છે. છાણી સ્થિત સેન્ટ જોસેફ સ્કૂલ પાસે સરદાર નગર

સંતોક ચેમ્બર સામે ભુવો પડ્યો છે. આજે ત્યાંથી પસાર રહેલી એક ટ્રકનો પાછળનો ભાગ ભુવામાં ખાબક્યો હતો. ટ્રક આખી નમી પડી હતી. ટ્રકમાં સિમેન્ટની ગુણો નાખવામાં આવી હતી. જોકે સદનસીબે બનાવને પગલે કોઈ જાનહાની થવા પામી ન હતી. મહત્વની બાબત છે કે, આ રોડ પર પહેલા કોઈ ખાડો પડ્યો ન હતો. પરંતુ આજે અચાનક જ આ ભુવો નિર્માણ પામ્યો અને તેમાં ટ્રકના ટાયર ફસાઈ ગયા, હાલ ક્રેનની મદદ વિના આ ટ્રકને બહાર કઢાઈ નહીં તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે. તો બીજી તરફ પાસે જ સ્કૂલ આવેલી છે ક્યારેક બાળકોના માથે અકસ્માતનું જોખમ ઊભું થયું છે. અગાઉ પણ ઘણી વખત કોન્ટ્રાક્ટર અને અધિકારીઓ વચ્ચેની મીલીભગતની પોલ ઉઘાડી પડી છે, છતાં પણ આ અંગે કડક કાર્યવાહી નહીં થતા ભુવા પડવાનો સિલસિલો આજે પણ યથાવત જોવા મળી રહ્યો છે.

રૂપિયાની ઉઘરાણી કરવા માટે જતા કર્મચારીઓના ટાંટિયા તોડી નાંખવાની ધમકી

અમદાવાદની કંપનીને પૂર્વ કર્મચારીએ રૂ. 29.50 લાખનો ચૂનો ચોપડ્યો

તેણે આપેલા ચાર ચેક પણ બેન્કમાં ડિપોઝિટ કરાવતા અપૂરતા બેલેન્સના અભાવે પરત ફર્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરાના હરણી ખાતે રહેતા શખ્સ અમદાવાદની કંપનીમાં નોકરી કરતા કરતા હતા ત્યારે તેઓએ કંપનીમાંથી આર્થિક મદદ મેળવવાના બહાને રૂ.40 લાખ લીધા હતા. જેમાંથી માત્ર રુ.10.50 લાખ જ ચૂકવ્યા હતા જ્યારે બાકીના રૂ.29.50 લાખની વારંવાર માંગણી કરવા છતાં તેઓ આપતા ન હતા. તેમણે આપેલા આપેલા ચાર ચેક પણ બેંકમાં જમા કરાવતા બાઉન્સ થયા હતા. ઉપરાંત તેમના ઘરે રૂપિયા લેવા માટે ગયેલા કંપનીના કર્મચારીઓને તેઓએ ટાંટીયા તોડી નાખવાની ધમકી આપી હતી. જેથી મેનેજરે ઠગાઈની હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

અમદાવાદ ખાતે સત્યમેવ વિસ્ટા સોસાયટીમાં રહેતા જય વિલાસભાઈ કાનાબાર ખાનગી કંપનીમાં સીનીયર મેનેજર તરીકે ચાર વર્ષથી નોકરી કરે છે. તેમની કંપનીમાં ગત વર્ષે મનીષ મોહનલાલ બહુગુણા (રહે. હરણી,વડોદરા)ને છ મહિનાના સમયગાળા માટે પ્રોબેશન ઉપર નિયુક્ત થયા હતા. મનીષ મોહનલાલ બહુગુણાને પ્રથમ કંપનીના કર્મચારી તરીકે નિમણુંક કરાયા બાદ ડાયરેક્ટર તથા ફેક્ટરી મેનેજર તરીકેની બનાવવામાં આવ્યા હતા. તેઓ તેઓએ કંપનીમા 27 નવેમ્બર 2023 થી 29 જુલાઈ 2024 સુધી રહ્યા હતા. ત્યારે તેઓએ આ સમયગાળા દરમિયાન કંપની પાસેથી જરૂરીયાત હોય રૂ.40 લાખની આર્થિક મદદની માંગણી કરી હતી. તેઓ કંપનીના કર્મચારી હોય મેનેજમેન્ટ દ્વારા પણ તેમને રૂપિયા 40 લાખ પુરા ચૂકવ્યા હતા. જેનો તેઓએ લોન એગ્રીમેન્ટ પણ કંપની સાથે કર્યો હતો. જેમાં 40 લાખ રૂપિયા ના દર મહિને દોઢ લાખ રૂપિયા નિયમિત હપ્તા ચૂકવવા માટેનો કંપનીને ભરોસો આપ્યો હતો. પરંતુ મનીષ બહુગુણાએ માત્ર લીધેલી રકમમાંથી રૂા.10.50 લાખ કંપનીને ચૂકવ્યા હતા. જ્યારે બાકીના અને રૂ.29.50 લાખ ચુકવતા ન હતા. જેથી કંપનીના કર્મચારીઓ દ્વારા વારંવાર તેમની પાસે રૂપિયાની માંગણી કરવા છતાં તેઓ પરત આપતા ન હતા. વારંવાર ટોકતા તેઓએ ચાર ચેક 7.37 લાખની રકમ લખીને આપ્યા હતા. જે ચેક પણ બેંકમાં ડિપોઝિટ કરાવતા બેલેન્સ ન હોવાના કારણે ચેક બાઉન્સ થયા હતા. જેથી કંપનીએ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં ધી નેગોશીમેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ મુજબ કાર્યવાહી કરી છે. મનીષ બહુગુણાના વડોદરા હરણી ખાતેના નિવાસસ્થાને બાકીની રકમની ચુકવણી કરવાની વિનંતી કરવા જતા તેઓએ કંપનીના કર્મચારીઓ સાથે દુર્વ્યવહાર કરી બિભત્સ ગાળો આપી હતી. ઉપરાંત જો બાકી રૂપિયાની ઉઘરાણી કરવા માટે કોઈ પણ આવશે તો તમારા ટાંટીયા તોડાવી નાંખીશ અને પાછા જવા લાયક પણ રહેશો નહી તેવી ધમકી પણ આપી હતી. જેથી સિનિયર મેનેજરે હરણી પોલીસ સ્ટેશનમાં મનીષ બહુગુણા વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા પોલીસે તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

અગાઉના ઝઘડાની અદાવતે વાસણા રોડ ઉપર જમાઈ પર હિંસક હુમલો

છોડાવવા વચ્ચે પડેલા સસરાને પણ માર માર્યા બાદ લાકડી-ઈંટથી મારી

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વાસણા રોડ પર અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખીને ફિરોજનગરમાં રહેતા સાસરી ધરાવતા જમાઈને માર માર્યા બાદ ઈંટ તથા લાકડીથી હુમલો કર્યો હતો. છોડાવવા પડેલા સસરાને પણ માર માર્યો હતો. જેથી યુવકે જે પી રોડ પોલીસ સ્ટેશનમાં હુમલાખોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

વડોદરાના વાસણા રોડ પર આવેલા ફિરોજનગરમાં રહેતા મહેવીશ અલ્તાફ હુસેન (ઉંવ.24) ડોક્ટરને કેર ટેકર તરીકને નોકરી કરુ છું. તેઓ ફરિયાદ નોંધાવી છે કે17 નવેમ્બરના રોજ રાત્રીના આઠ વાગ્યાના અરસામાં રાત્રીના સમયે બે છોકરાનો રડવાનો અવાજ આવતો હતો. જેથી મે બહાર જઈને તપાસ કરી હતી ત્યારે મારી જીજાજી તેમના નાના બે દીકરી સાથે ઉભાત અને અમારા ઘરની પાછળ રહેતો શાહીદ આરીફ શેખ મારા જીજાજીને માર મરતો હતો. જીજાજી તેના ચુંગાલમાં છુટીને અમારા ઘર તરફ આવ્યા આવ્યા હતા અને જણાવ્યું હતું કે હુ મારા પુત્રોને ફરવા માટે લઈ જતો હતો ત્યારે અગાઉની ઝઘડાની અદાવત રાખીને તેણે જીજાજીને માર માર્યો હતો.

મારા માતા પિતા સાથે જીજાજી વાત કરતા હતા ત્યારે શાહીદે મારા ઘરે ધસી આવ્યો હતો અને ગાળો બોલવા લાગ્યો હતો જેથી તેને ગાળો બોલવાની ના પાડતી શાહિદે મારા પર ઈંટથી હુમલો કર્યો હતો. જેમાં અમે છોડાવવા માટે વચ્ચે પડ્યા હતા ત્યારે અબ ફીરસે તુમ્હારા જમાઇ મિલો તો જાન સે માર દુંગા તેવી ધમકી આપી હતી. જેથી મારા જીજાજી તથા પિતાને સારવાર માટે ગોત્રી હોસ્પિટલમાં ખસેડાયા છે. જે પી રોડ પોલીસે તેમની ફરિયાદના આધારે ગુનો નોંધી હુમલાખોર શાહીદને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.